કરાચી વિમાનીમથક પર ભીષણ હુમલો

હુમલામાં ૩૦નાં મોત : માર્યા ગયેલાઓમાં ૧૦ ખુંખાર ત્રાસવાદીઓ સામેલ : પાકિસ્તાની તાલિબાને હુમલા માટેની જવાબદારી સ્વીકારી : પાકિસ્તાનમાં ફરી એકવખત રક્તપાત

કરાચી,તા.૯ પાકિસ્તાનના કરાચી શહેરમાં ઝીણ્ણા આંતરાષ્ટ્રીય વિમાનીમથક પર ત્રાસવાદીઓ દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં ૩૦ લોકોના મોત થયા છે. માર્યા ગયેલા ૩૦ લોકોમાં ૧૦ ખુંખાર ત્રાસવાદીઓનો પણ સમાવેશ થાય છે. મોતનો આંકડો વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. પાકિસ્તાનમાં ફરી એકવાર ત્રાસવાદીઓ ખતરનાક હુમલો કરવામાં આજે સફળ રહ્યા હતા. વિમાનીમથક પર હુમલો કરવામાં આવ્યા બાદ લોકોમાં ભારે

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

તર્કનું સત્ય નહીં.. પણ આત્માનાં મનોમંથનથી પ્રગટેલું સત્ય જ સંપૂર્ણ સત્ય છે
- અરવિંદ ઘોષ

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૯૦ | ૧૦ જૂન, ૨૦૧૪, મંગળવાર; જેઠ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વર્તમાન વર્ષ 'કૃષિવિકાસ વર્ષ' તરીકે ઉજવાશે

ગુજરાતની હરિતક્રાંતિને નવી ઉંચાઈએ પહોંચાડવા તૈયારી : કૃષિ મહોત્સવ-૨૦૧૪નું મહિલા કૃષિ સંમેલનની સાથે ગાંધીનગરમાં આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં સમાપન

ગંધીનગર, તા.૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે "૨૦૧૪-૧૫નું વર્ષ ગુજરાત કૃષિવિકાસ વર્ષ" તરીકે ઉજવવાની જાહેરાત કરી છે. આ સંદર્ભમાં રાજ્યમાં મહિલા કૃષિ ઉત્પાદકો, પશુપાલકો અને યુવા મહિલા કૃષિકારોને પ્રોત્સાહિત કરવાના નવતર પ્રોજેક્ટસ કૃષિવિભાગ હાથ ધરશે તેમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. કૃષિ મહોત્સવ-૨૦૧૪ના સમાપન અવસરે ગાંધીનગરમાં રાજ્યભરની મહિલા કૃષિકારો મહિલા પશુપાલકો અને કિસારન નારીશક્તિના સંમેલનને મુખ્યમંત્રી સંબોધી રહ્યા હતાત આનંદીબેન પટેલે આ પ્રસંગે પ્રગતિશીલ મહિલા કૃષિકારોને બાગાયત ગ્રાન હાઉસ નેટ હાઉસ તથા ટ્રેક્ટર યોજના અન્વયે રૂા. ૪૯ લાખની સહાયના ચેક અર્પણ કર્યા હતા તેમજ વિવિધ પ્રકાશનોના વિમોચન અને સહાય પણ એનાયત કર્યા હતા. મુખ્યમંત્રીએ કૃષિ મહોત્સવ-૨૦૦૫થી શરૂ થયેલી સફળ શ્રૃંખલાની ૧૦મી કડીનું સમાપન હવે આધુનિક કૃષિવિકાસની આપણી આ હરણફાળને વધુ તીવ્ર ગતિથી અને નવી ઉંચાઈએ પહોંચાડવાનું અભિયાન બની રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું કે કૃષિવિકાસ વર્ષની આ રાજ્યવ્યાપી ઉજવણી એ રફતારમાં નવા પ્રાણ પૂરશે. તેમણે કૃષિકાર નારીશક્તિના ગ્રામીણ અર્થતંત્રમાં પશુપાલક દ્વારા મળી રહેલા યોગદાનની સરાહના કરતાં કહ્યું કે, મહિલાઓને સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદન મંડળીઓ માટે પ્રેરિત કરી રાજ્યના ગામોમાં મહિલા દૂધ ઉત્પાદક મંડળીઓને પ્રોત્સાહન આપવાનો અભિગમ પણ કૃષિમહોત્સવ દરમ્યાન હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

NEWS બિટ્સ

ડો. પી.કે. મિશ્રા એડીશનલ પ્રિન્સીપલ સેક્રેટરી ટુ પ્રાઈમ મીનીસ્ટર

ગુજરાત કેડરના નિવૃત્ત

સનદી અધિકારી ડૉ. પી.કે. મિશ્રાની એડીશનલ પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે પી.એમ.ઓ.માં નિમણુંક થઈ છે. ૧૯૭૨ બેચના સનદી અધિકારી ડૉ. મિશ્રા માટે ખાસ જગ્યા ઉભી કરાઈ છે.

હવે, સંજય ભાવસાર પણ પી.એમ.ઓ.માં

મુખ્યમંત્રી કાર્યાલયમાં ૧૩ વર્ષથી ખાસ ફરજ પરના અધિકારી તરીકે ફરજ બજાવતા સંજય ભાવસારને પ્રાઈમ મીનીસ્ટર ઓફિસમાં ખાસ ફરજ પરના અધિકારી તરીકે લઈ જવાશે. આજ કાલમાં સત્તાવાર હુકમો કરાશે. પી.એમ.ઓ.ના પી.આર.ઓ. તરીકે જગદીશ ઠકકરે નવા હોદ્દાનો હવાલો સંભાળી લીધો છે.

૨૫ વર્ષથી પાછા પગલે ચાલતા મણીથન

તામિલનાડુના તિરૂપતિના મણીથનભાઈ છેલ્લા ૨૫ વર્ષથી પાછા પગે જ ચાલે છે. ૧૯૮૯ની હિંસક ઘટનાઓના પગલે વિશ્વ શાંતિ માટે પોતાના ગામથી ચેન્નાઈ સુધી પાછા પગે ચાલી જવાનું નક્કી કરેલ. આમ ૪૮૨ કિલોમીટરની બેકવર્ડ વોકિંગ યાત્રાના પગલે રોજીંદા જીવનમાં હવે પાછા પગલે જ ચાલે છે અને તેઓ કહે છે કે જયાં સુધી પૂર્ણ વિશ્વ શાંતિ નહીં સ્થપાય ત્યાં સુધી બેકવર્ડ વોકિંગ જ કરશે.

મોહમદ શમીના હસીન જહા સાથે નિકાહ

ભારતીય ક્રિકેટ ટીમના ઝડપી બોલર મોહમદ શમીએ કલકત્તાની મોડેલ હસીન જહા સાથે પ્રભુતામાં પગલા પાડયા છે દિલ્હીની રીજેસી હોટલમાં યોજાયેલ લગ્ન સમારંભમાં માત્ર નજીકના સંબંધીઓ અને મિત્રોને જ આમંત્રણ પાઠવાયું હતું.

સ્મૃતિ ઈરાનીને કોર્ટનું સમન્સ

મુંબઈની અદાલતે બદનક્ષીના એક કેસમાં કેન્દ્રીય માનવસંશાધન મંત્રી સ્મૃતિ ઈરાનીને સમન્સ પાઠવ્યું છે. કોંગ્રેસના તત્કાલીન સાંસદ સંજય નિરૂપમે કરેલા બદનક્ષીના કેસમાં ૨૭મી સપ્ટેમ્બરે કોર્ટમાં હાજર થવા સ્મૃતિ ઈરાનીને સમન્સ અપાયું છે. નિરૂપમની ફરિયાદમાં જણાવાયું છે કે ટીવીની ચેનલની ચર્ચામાં સ્મૃતિએ પોતાની વિરૂધ્ધ અભદ્ર અને અપમાનજનક ટિપ્પણી કરી હતી. કલમ ૪૯૯ અને ૫૦૦ હેઠળ ફરિયાદ કરી છે.

સૌજન્ય મુલાકાત - રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે દિલ્હી ખાતે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કેન્દ્ર સરકાર સમક્ષના રાજ્યના પડતર પ્રશ્નોની મુખ્યમંત્રીશ્રીએ રજૂઆત કરી હતી અને સાથોસાથ ગુજરાતના વિકાસ માટે કેટલુંક માર્ગદર્શન માગ્યું હતું.

ગ્રામસભા અભિયાનમાં સરેરાશ ૧૫૦ વ્યક્તિની હાજરી અને એક પ્રશ્ન રજુ થયો

રજુ થયેલા ૩૪૫ પ્રશ્નોમાંથી ૪૫ પ્રશ્નો વણઉકલ્યા રહ્યા, ૪૫,૮૫૧ લોકો ગ્રામસભામાં હાજર રહ્યા

ગાંધીનગર, તા. ૯

જિલ્લામાં યોજાયેલ ગ્રામસભા અભિયાનમાં સરેરાશ ૧૫૦ માણસોએ હાજરી આપી છે અને એક કરતાં વધુ પ્રશ્ન રજુ થયો છે.

ગાંધીનગર જિલ્લામાં તાજેતરમાં સંપન્ન થયેલ ગ્રામસભા અભિયાન દરમ્યાન ૩૦૨ જેટલા પંચાયતી ગામોમાં સભાઓ યોજાઈ હતી. જેમાં ૪૫,૮૫૧ જેટલી વ્યક્તીઓએ હાજરી આપી હતી.

આ ગ્રામસભા અભિયાનમાં ૩૪૫ જેટલા પ્રશ્નો લોકોએ રજુ કર્યા હતા. જેમાં ૨૬૭ પ્રશ્નોનો સરકારાત્મક ઉકેલ આવ્યો હતો. જ્યારે ૩૩ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવ્યો હતો. હજુ ૪૫ જેટલા પ્રશ્નો વણ ઉકલ્યા રહેવા પામ્યા છે.

આ ગ્રામસભા અભિયાનમાં મુખ્યમંત્રીશ્રી, જિલ્લાના અધિકારીઓ ઉપરાંત સનદી અધિકારીઓ પણ જોડાયા હતા.

આ અભિયાન દરમ્યાન ગેસના ભાવ નિયત દર કરતાં વધુ વસુલાતા હોવાનું, પેયજળનો પુરવઠો નહિ મળતો હોવાનો, પેયજળની ગુણવત્તા સહિતના સંખ્યાબંધ પ્રશ્નો રજુ થયા હતા.

જમિયતપુરા ગામની ગ્રામસભામાં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રેશનીંગની દુકાન તેમજ ગામને એસ.ટી.ની સુવિધા ઉપલબ્ધ કરાવવા જેવા પ્રશ્નો પણ રજુ થયા હતા.

આ અભિયાન દરમ્યાન ગામોમાં નિર્મળ ભારત અભિયાન સહિતની બાબતોને આવરી લઈ તંત્રએ લોકોને વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી જાગૃત કર્યા હતા. આ અભિયાનને સરેરાશ નબળો પ્રતિસાદ મળ્યો છે પણ તેમના પ્રશ્નો જે વિવિધ વિભાગોના રજુ થયા છે તેને લઈ તંત્ર ધીમી ગતિએ હરકતમાં આવી રહ્યું છે.

પ્રશ્નો વણ ઉકલ્યા જ રહેતા હોવાથી લોકોમાં પણ નિરાશાનો માહોલ વધુ જોવા મળ્યો છે અને એટલે જ સરેરાશ ૧૫૦ માણસોની હાજરી નોંધાઈ છે. આ ગ્રામસભા અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે તંત્રએ પણ હવે હકારાત્મક દિશામાં વિચારવું પડશે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

આજે ભાજપની શ્રી કમલમ્ ખાતે પ્રદેશ બેઠક

ગાંધીનગર, તા. ૯

પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજાએ જણાવ્યું હતું કે, આવતીકાલે તા. ૧૦-૬-૨૦૧૪ના રોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને ગુજરાતના પ્રભારી શ્રી ઓમજી માથુર અને રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજીની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ બેઠક યોજાશે.

લોકસભા ચૂંટણીના પરિણામો બાદ યોજાનારા પ્રદેશ બેઠકની વિગતો આપતા શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે, આવતીકાલે બપોરે યોજાનારી આ પ્રદેશ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારો, જિલ્લા પ્રભારીશ્રીઓ અને મોરચાના પ્રદેશ પ્રમુખશ્રીઓ ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં લોકસભા ચૂંટણીના પરિણામોની સમીક્ષા, કૃષિ મહોત્સવ અને કન્યા કેળવણી રથયાત્રા અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમોના આયોજન અને અમલીકરણ તેમજ સંગઠનાત્મક વિષયો અને પક્ષના આગામી કાર્યક્રમો બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

આજે પ્રભારી સચિવના અધ્યક્ષપદે આગામી કાર્યક્રમો માટે સમીક્ષા બેઠક

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આગામી દિવસોમાં યોજાનાર ગરીબ કલ્યાણ મેળા તેમજ શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમોની તૈયારીની સમીક્ષા માટે પ્રભારી સચિવશ્રીએ સમીક્ષા બેઠક આજે બોલાવી છે.

પ્રભારી સચિવશ્રી સંજય પ્રસાદે સાંજે ૫.૦૦ વાગ્યે જિલ્લા સેવા સદન ખાતે અધિકારીઓની આ સમીક્ષા બેઠક બોલાવી છે.

મળતી વિગતો પ્રમાણે આ સમીક્ષા બેઠકમાં ગ્રામસભા અભિયાન, કૃષિમહોત્સવના કાર્યક્રમની પણ સમીક્ષા થનાર છે. આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ અને ગરીબ કલ્યાણ મેળાની તૈયારીને લઈ પણ સમીક્ષા કરવામાં આવનાર છે. જૂનના અંતિમ સપ્તાહમાં ગરીબ કલ્યાણ મેળાઓ પ્રાંતકક્ષાએ યોજવાનો સરકારે નિર્ણય કર્યો છે. જિલ્લા કલેક્ટરશ્રીએ લાભાર્થીઓની યાદી તૈયાર કરવા માટે તંત્રને સૂચનાઓ પણ આપી છે.

આ ઉપરાંત ૧૨,૧૩,૧૪ જૂનના રોજ યોજાનાર શાળા પ્રવેશોત્સવની તૈયારીને લઈ પણ ખાસ સમીક્ષા કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કેન્દ્રીય રાજ્ય શિક્ષણમંત્રી સ્મૃતિ ઈરાની ગાંધીનગર આવી રહ્યા હોવાથી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

પ્રભારી સચિવશ્રી દ્વારા ૬ માસ પછી અધિકારીઓ સાથે આ પ્રકારની સમીક્ષા બેઠક યોજાઈ રહી હોવાથી તંત્રને ચૂંટણી પછી થાક ખાવાનો પણ સમય મળ્યો નથી.

જોઈએ છે
કાર માટે
ડ્રાઈવર જોઈએ છે
સંપર્ક કરો
મો. ૯૦૯૯૦ ૩૮૫૭૫

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧,૨૩૨૩૭૫૭૧

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

જોઈએ છે
હોટલ રીસેપ્શનીસ્ટ લેડીઝ/જેન્ટ્સ
કોમ્પ્યુટર તથા અંગ્રેજીની જાણકારી જરૂરી છે.
સંપર્ક : ૯૯૨૪૦ ૦૦૧૯૫ , ૯૯૦૪૬ ૧૮૧૯૯

રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી શિક્ષણ સંસ્થાન
(માનવ સંશાધન વિકાસ મંત્રાલય, ભારત સરકારનું સ્વાયત્ત સંગઠન)
એ-૨૪-૨૫, ઈન્સ્ટીટ્યુશનલ એરિયા, સેક્ટર-૬૨, નોઈડા-૨૦૧ ૩૦૯, ગૌતમ બુદ્ધ નગર (ઉત્તર પ્રદેશ)
(સીબીએસઈ/સીઆઈએસસીઈ સમકક્ષ ભારત સરકારનું પરીક્ષા બોર્ડ) વેબસાઈટ: www.nios.ac.in

જલ્દી કરો
તમારું કિંમતી એક વર્ષ બચાવો
NIOS દ્વારા તેના વેબ પોર્ટલ www.nios.ac.in ની મદદથી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઇન નોંધણીની સુવિધા
સ્ટ્રીમ-૩ અને ૪ હેઠળ
માન્યતાપ્રાપ્ત બોર્ડના અસફળ વિદ્યાર્થીઓ માટે પરીક્ષા માટે વધુ એક અવસર
જ્યારે તમે ઈચ્છો ત્યારે પરીક્ષા
વર્ષ દરમિયાન ગમે ત્યારે

યોગ્યતા માપદંડ: કોઈપણ માન્યતાપ્રાપ્ત બોર્ડમાંથી શાળાકીય શિક્ષણ અથવા એનાથી વધારે પાસ કરેલ હોય અને તેઓ પોતાની યોગ્યતા વધારવા માંગતા હોય તેઓ મહત્તમ ૪ વિષયો લઈ શકે છે અથવા કોઈપણ માન્યતાપ્રાપ્ત પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ માધ્યમિક કે ઉચ્ચ માધ્યમિક જાહેર પરીક્ષાઓમાં અસફળ કે યોગ્યતા હોવા છતાં પરીક્ષા ન આપી શકેલ વિદ્યાર્થીઓ પણ પ્રવેશ લઈ શકે છે. મુખ્ય બોર્ડમાં પસંદ કરાયેલ વિષય સંયોજનમાં જ પ્રવેશ આપવામાં આવશે. પ્રવેશપત્રની સાથે અસલ માર્કશીટ/એડમીટ કાર્ડ જોડવું આવશ્યક છે.

સુવિધાઓ: ટ્રાન્સફર ઓફ ક્રેડીટ (TOC) : જે બે વિષયમાં તમે પાસ હો તેની ક્રેડીટ લઈ શકો છો. એટલે કે આ બે વિષયની ફરી પરીક્ષા આપવાની જરૂર નથી.
પ્રવેશ યોગ્યતા: પ્રવેશ પાંચ વર્ષ સુધી માન્ય.
પરિણામ: અગાઉના મહિને આપેલ પરીક્ષાનું પરીણામ હવે દર મહિને.
ફી ભરવાની વિગત: વિદ્યાર્થીઓ પોતાની ફી ક્રેડીટ કાર્ડ, ડેબિટ કાર્ડ, નેટ બેંકીંગ, 'સચિવ, એનઆઈઓએસ'ની તરફેણમાં નોઈડામાં ચૂકવવાપાત્ર કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકના બેંક ડ્રાફ્ટ દ્વારા જમા કરાવી શકે છે.

અનઅધિકૃત સંસ્થા તથા એજન્ટ દ્વારા પ્રવેશ મેળવશો નહિં

ઓનલાઈન પ્રવેશ, વિષય, ફી, યોગ્યતા, એનઆઈઓએસ અભ્યાસ કેન્દ્ર, માહિતી પુસ્તિકા અને અરજીપત્રક વગેરે અંગે વધુ માહિતી માટે અભ્યાસ સેવીય કેન્દ્રની વેબસાઈટની મુલાકાત લો અથવા ઈ-મેલ અથવા ફોનથી સંપર્ક કરો. આપ એનઆઈઓએસ વેબસાઈટ: www.nios.ac.inની મુલાકાત લઈ શકો છો અથવા ટોલ ફ્રી નં. ૧૮૦૦-૧૮૦-૯૩૯૩ પર સંપર્ક કરો.
સ્ટ્રીમ-૨ના સંદર્ભમાં ઓનલાઇન પ્રવેશ તા. ૨૦-૫-૨૦૧૪ થી ૨૦-૭-૨૦૧૪ સુધી માન્ય છે. પરીક્ષા ઓક્ટોબર ૨૦૧૪માં લેવાશે.
- ડિરેક્ટર (એસએસએસ)
વિશ્વની સૌથી મોટી મુક્ત વિદ્યાલયી શિક્ષણ પ્રણાલી !!